This Booklet contains **20** printed pages.
इस पुस्तिका में **20** मुद्रित पृष्ठ हैं।

**AK14I**

**Test Booklet No.**
परीक्षा पुस्तिका संख्या

# PAPER—I / प्रश्न-पत्र—I

## GUJARATI LANGUAGE SUPPLEMENT / गुजराती भाषा परिशिष्ट

## PART—IV & V / भाग—IV & V

**Test Booklet Code**
परीक्षा पुस्तिका संकेत

**K**

Do not open this Test Booklet until you are asked to do so.
इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।

Read carefully the Instructions on the Back Cover (Pages 19 & 20) of this Test Booklet.
इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए गए निर्देशों को ध्यान से पढ़ें।

**For Instructions in Gujarati see Page 2 of this Booklet.**
**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें।**

### *Instructions for Candidates :*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part—IV (Language—I) **OR** Part—V (Language—II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts—I, II, III from the Main Test Booklet and Parts—IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part—IV and Part—V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue/Black Ballpoint Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **K**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **Two** Parts—IV and V, consisting of **60** Objective-type Questions and each carrying 1 mark :

   Part–IV : Language–I (Gujarati) . (Q. Nos. 91–120)
   Part–V : Language–II (Gujarati) (Q. Nos. 121–150)
7. Part–IV contains 30 questions for Language–I and Part–V contains 30 questions for Language–II. In this Test Booklet, only questions pertaining to Gujarati Language have been given. **In case the language(s) you have opted for as Language–I and/or Language–II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that Language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part–V (Language–II) in a language other than the one chosen as Language–I (in Part–IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

### *परीक्षार्थियों के लिए निर्देश :*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग—IV (भाषा—I) या भाग—V (भाषा—II) गुजराती भाषा में देना चाहते हैं, लेकिन दोनों नहीं।
2. परीक्षार्थी भाग—I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग—IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग—IV व भाग—V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर-पत्र पर निशान लगाने के लिए केवल नीले/काले बॉलपॉइंट पेन का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का संकेत **K** है। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर-पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग—IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं तथा प्रत्येक 1 अंक का है :

   भाग–IV : भाषा–I (गुजराती) (प्रश्न सं० 91–120)
   भाग–V : भाषा–II (गुजराती) (प्रश्न सं० 121–150)
7. भाग–IV में भाषा–I के लिए 30 प्रश्न और भाग–V में भाषा–II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से सम्बन्धित प्रश्न दिए गए हैं। यदि भाषा–I और/या भाषा–II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है/हैं, तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लें। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।
8. **परीक्षार्थी भाग–V (भाषा–II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा–I (भाग–IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ़ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर-पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

Name of the Candidate (in Capitals) : ____________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में)

Roll Number (in figures) : ____________________
अनुक्रमांक (अंकों में)

(in words) : ____________________
(शब्दों में)

Centre of Examination (in Capitals) : ____________________
परीक्षा-केन्द्र (बड़े अक्षरों में)

Candidate's Signature : ____________________
परीक्षार्थी के हस्ताक्षर

Invigilator's Signature : ____________________
निरीक्षक के हस्ताक्षर

Facsimile signature stamp of Centre Superintendent ____________________

**06-I**

આ પુસ્તિકામાં 20 પાનાં છે

# AK14I

પરીક્ષા પુસ્તિકા સંકેત **K**

## પેપર—I

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

## ભાગ—IV & V

આ પરીક્ષા પુસ્તિકાને કહેવા પહેલા ખોલવું નહિ.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.

***પરીક્ષાર્થિઓ માટે દિશા નિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, તે પરીક્ષાર્થી માટે જે ભાગ—IV (ભાષા—I) અથવા ભાગ—V (ભાષા—II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત એકજ.
2. પરીક્ષાર્થી ભાગ—I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ—IV અને V ના ઉત્તર તેમણે ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ—IV અને ભાગ—V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર વિવરણ અંકિત કરવા તથા ઉત્તરપત્રિકામાં નિશાન લગાડવા માટે માત્ર બ્લૂ/કાળા બોલ પોઇંટ પેનનો જ પ્રયોગ કરી શકે છે।
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) **K** છે. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના પૃષ્ઠ-**2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરિક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ—IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :

   ભાગ—IV : ભાષા—I (ગુજરાતી) (પ્રશ્ન સં. 91–120)

   ભાગ—V : ભાષા—II (ગુજરાતી) (પ્રશ્ન સં. 121–150)
7. ભાગ—IV માં ભાષા—I માટે 30 પ્રશ્ન અને ભાગ—V માં ભાષા—II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા—I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવા જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ—V (ભાષા—II) માટે ભાષા સૂચીમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા—I (ભાગ—IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આ માટે આપેલ ખાલી જગ્યામાં જ કરવું.
10. બધા ઉત્તર માત્ર ઓ. એમ. આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક (અંકોમાં) : ____________________

(શબ્દોમાં) : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of Centre Superintendent ____________________



https://www.freshersnow.com/previous-year-question-papers/

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા—**I**નો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય →



https://www.freshersnow.com/previous-year-question-papers/

## ગુજરાતી

*સૂચના:* નીચેની કવિતા વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **91–96**) :

હતો હું સૂતો પારણે પુત્ર નાનો
રડું છેક તો રાખતું કોણ છાનો
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે
મને સુખ માટે કટુ કોણ ખાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
લઈ છાતી સાથે બચી કોણ લેતું
તજી તાજું ખાજું મને કોણ દેતું
મને કોણ મીઠા મુખે ગીત ગાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
પડું કે ખડું તો ખમા આણી વાણી
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી
પછી કોણ પોતાતણું દૂધ પાતું
મહા હેતવાળી દયાળી જ મા તું

**91.** બાળક રડે છે ત્યારે તેને કોણ ચૂપ રાખે છે?

(1) માતા

(2) દાદીમા

(3) દવા અને પ્રવાહી દ્વારા

(4) પિતા ચૂપ કરાવે છે

**92.** બાળકને દુ:ખી જોઇને કોને વેદના અનુભવાય છે?

(1) માશી માટે અસહ્ય થાય છે

(2) માતાને દુ:ખ થાય છે

(3) પિતા વ્યથિત થઇ ઉઠે છે

(4) દાદાજી વ્યગ્ર થાય છે

**93.** માતા બાળકના સ્વાસ્થ્ય માટે શું કરે છે?

(1) સ્વયં કડવી દવા ખાય છે

(2) ઉજાગરો કરે છે

(3) સૂકામાં સુવાડે છે

(4) સ્તનપાન કરાવે છે

**94.** માતા તાજી મીઠાઈનું શું કરે છે?

(1) ઘરમાં ઢાંકે છે

(2) પરિવારને વહેંચે છે

(3) પુત્રને આપે છે

(4) ફ્રીઝમાં મૂકે છે

**95.** કવિ માતાને કેવી કહે છે?

(1) સેવાભાવી

(2) સંતાનપ્રેમી

(3) હેતાળ

(4) સમર્પિત

**96.** માતાની આંખમાં આંસુ આવી જાય છે કેમ કે...

(1) બાળક પડી જાય છે

(2) ગરીબીના આંસુ છે

(3) પોતે ભૂખી છે

(4) બાળક તોફાની છે



https://www.freshersnow.com/previous-year-question-papers/

સૂચના: યોગ્ય વિકલ્પ પસંદ કરીને નીચેના સવાલોના જવાબ આપો (પ્રશ્ન 97–111)

**97.** એક પરિચ્છેદમાંથી કેટલાક શબ્દો 'ખાલી જગ્યા પૂરો'ના ઉત્તરરૂપે લખવાના હોય અને વિદ્યાર્થી એ લખે તો આ ક્ષમતાને શું કહેવાય?

(1) નૂતન શબ્દ પ્રયોગ

(2) સારસંક્ષેપ

(3) જોડણીશુદ્ધિ

(4) શબ્દસ્મૃતિ ક્ષમતા

**98.** પરિચ્છેદ વાચન પ્રશ્ન કોને કહેવાય?

(1) ઉપરના ફકરામાંથી નોબેલ વિજેતા લેખકનો ઉલ્લેખ તારવો

(2) તમે રજનીકુમાર પંડ્યાનું બીજું પુસ્તક વાંચ્યું છે?

(3) "સરળતા" શબ્દ તમારા વાક્યમાં પ્રયોજો

(4) 'પ્રત્યુત્પન્નમતિ' શબ્દનો ઉચ્ચાર ચકાસવો

**99.** અર્થપૂર્ણ લેખન શીખતા પહેલા બાળકે પોતાના... કૌશલ્યને ક્રેયોન્સ, વર્તુળસર્જન અને અન્ય આકારો દ્વારા કેળવવું પડે છે

(1) સંવેદનકૌશલ્ય

(2) અસ્તિત્વકૌશલ્ય

(3) ઓળખકૌશલ્ય

(4) આકારકૌશલ્ય

**100.** મિત્રને પત્ર લખતી વેળા વિદ્યાર્થીએ કઈ ઉલ્લેખનીય બાબતો સમાવી લેવી જોઈએ?

(1) પારદર્શિતા, સ્પષ્ટવક્તાપણું, સંક્ષેપાક્ષરોનો ઉપયોગ અને પારંપરિક ઢાંચાનો ઉપયોગ

(2) કોઈપણ ફોર્મેટ વિના પારંપરિક ઢાંચામાં જ લખવું

(3) કેટલાક સંક્ષેપાક્ષરોનો ઉપયોગ અને વ્યક્તિગત સંસ્પર્શ

(4) બિનવૈયક્તિક ઢબે પત્રલેખન ઢાંચાનો ઉપયોગ

**101.** નવી ભાષા શીખતા વિદ્યાર્થીઓ તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચાર નહિ જાણતા હોવાથી આત્મવિશ્વાસનો અભાવ અનુભવે છે. આનો ઉપાય શું હોઈ શકે?

(1) વર્ગખંડમાં રમત પ્રકારની એવી પ્રવૃત્તિ કરવી જેમાં શાબ્દિક વાતચીત અનિવાર્ય હોય

(2) સલાહકાર પાસેથી વિશેષ ભાષણસારવાર લેવી

(3) ભૂલ થાય ત્યારે જ તેને સુધારવી

(4) વર્ગમાં મુખપાઠ કરવો

**102.** આજે મેં પાઠ માટે આ કાવ્ય પસંદ કર્યું. વિદ્યાર્થીઓ આ કાવ્યની પંક્તિઓનો અનુવાદ કરી શકે અને પંક્તિઓનું અનુમાન કરી શકે તે ક્ષમતા આના દ્વારા પારખી શકાય છે.

આ એક ................ પ્રવૃત્તિ છે:

(1) ભૂલ સુધાર

(2) પૂર્વાનુમાન

(3) પરિવર્તન

(4) વિનિમય



https://www.freshersnow.com/previous-year-question-papers/

103. ભાષા શીખવા સંદર્ભે બાળક માટે આમાંથી ક્યો વયતબક્કો મહત્વપૂર્ણ છે?

(1) 8 વર્ષથી પહેલાનો

(2) આઠ વર્ષ પછીનો

(3) 10 વર્ષથી પહેલાનો

(4) 13 વર્ષથી પહેલાનો

104. સામગ્રી કે માહિતીમાં વધારો કરતાં જવાથી જેમાં ખર્ચ વધતો નથી એ ક્યુ માધ્યમ છે?

(1) વીજાણું (ઇલેક્ટ્રોનિક) માધ્યમ

(2) જીવંત નિદર્શન

(3) ઓવરહેડ પ્રોજેક્ટર

(4) કાગળ

105. એક બહુભાષીય વર્ગખંડમાં બાળકો એક ભાષા શીખી રહ્યા છે ત્યારે:

(1) સમયાંતરે વિવિધ જૂથ દ્વારા સમાન ભાષા બોલાય ત્યારે વધુ સારી રીતે શીખી શકાય છે

(2) વિદ્યાર્થીઓને હેતુપૂર્વક બીજી ભાષા બોલતા અટકાવાય છે જેથી લક્ષ્યભાષા તેઓ સારી રીતે શીખી શકે

(3) પ્રત્યાયનક્ષમતા ન હોવાથી પ્રભાવકતા ઉત્પન્ન થતી નથી

(4) ઉચ્ચારણવૈવિધ્ય, વ્યાકરણગત વિશેષતાઓ વગેરેની ચર્ચા માટે યોગ્ય તક સાંપડે છે અને વધુ સમજણ તથા લક્ષ્યભાષાની સંરચના વિદ્યાર્થીઓ પારખી શકે છે

106. ભાષાંતરણ પ્રક્રિયા અને દ્વિતીય/વિદેશી ભાષા પર પ્રભુત્વ મેળવવા માટે તથા ભાષાશિક્ષણની તીવ્રતા વધારવા માટે શિક્ષક દ્વારા કેવા પ્રયત્નો થવા જોઈએ?

(1) જૂથકાર્યની સંખ્યા વધારીને વિદ્યાર્થીને આત્મવિશ્વાસ કેળવવામાં મદદ કરવી જોઈએ

(2) સમયાંતરે વિવિધ કસોટીઓ યોજીને અન્ય ભાષા શીખવામાં વિદ્યાર્થીને જણાતી મુશ્કેલીઓનું મૂલ્યાંકન અને નિવારણ કરવું જોઈએ

(3) વધુ ને વધુ વાચનસત્રો યોજવા જોઈએ જેમાં ઉત્તરોત્તર કઠીન પાઠ આવતા હોય

(4) શીખવાની વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ પ્રથમ ભાષા માટે કરવો જોઈએ જેના અનુષંગે વિદ્યાર્થી દ્વિતીય ભાષાની ક્ષમતા પણ કેળવી શકે

107. મિશ્ર ક્ષમતાઓ ધરાવતા વિદ્યાર્થીઓના એક ભાષાવર્ગમાં શિક્ષકે વિદ્યાર્થીઓને હૈયાધારણ આપવાની છે તે તેઓ...

(1) વાલીઓને સાથે રાખીને શિક્ષકોને મળી શકે છે અને સોંપાયેલું કામ ઘેર કરવાની વ્યવસ્થા ગોઠવી શકે છે

(2) વર્ગખંડમાં નાના પ્રોજેક્ટસ પર કામ કરવા માટે સાથે મળીને જૂથોની રચના કરી શકે છે જેના દ્વારા સામાજિક ક્ષમતા કેળવાય છે અને મોટા જૂથમાં સામૂહિક પ્રવૃત્તિ કરી શકે છે

(3) શાળાના સમય ઉપરાંત વિશેષ વર્ગ ભરીને વધુ ગુણ તેમ જ અન્ય જેટલી જ ક્ષમતા મેળવી શકે છે

(4) મનોચિકિત્સક અને વર્ગશિક્ષક સાથે નિયમિત બેઠકો યોજીને તેમની સમસ્યાઓ ચર્ચી શકે છે



https://www.freshersnow.com/previous-year-question-papers/

108. ઘણીવાર પાઠયપુસ્તકના પ્રશ્નો તથ્યકેન્દ્રી અથવા નિમ્નસ્તરીય હોય છે ત્યારે શિક્ષકે શું કરવું જોઈએ?

(1) પાઠયપુસ્તકનો બુદ્ધિપૂર્વક વિનિયોગ કરવો જોઈએ

(2) વધુ સાહિત્યિક વાચન માટે પ્રેરણા આપવી જોઈએ

(3) રચનાત્મક વિચારપ્રક્રિયા અને સમસ્યા ઉકેલ પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ

(4) જ્ઞાન આધારિત પાઠની રચના કરવી જોઈએ

109. વિદેશી ભાષા શીખતા વિદ્યાર્થીઓ પાઠના મૌખિક અર્થઘટનમાં જોડણીને કારણે મુશ્કેલી અનુભવતા હોય તો તેને નીચેના ક્યા ઉપાય દ્વારા દૂર કરી શકાય?

(1) જોડણી અને ઉચ્ચારને સાથે રાખીને વાંચન કરવું

(2) વાચન વખતે સાચો ઉચ્ચાર સાંભળીને તેના પુનરાવર્તનની પ્રેક્ટીસ કરવી

(3) શિક્ષકના ઉચ્ચારણની નકલ કરવી

(4) કઠીન શબ્દની વારંવાર પ્રેક્ટીસ કરવી

110. વિશેષ ક્ષમતાવાળા વિદ્યાર્થીઓના ભાષાવર્ગમાં સફળતા, પોતીકાપણું અને સ્વમાનની ભાવનાઓને કઈ રીતે ઉન્નત કરી શકાય?

(1) તેમની જરૂરત પ્રમાણેના વિશેષ તાલીમપ્રાપ્ત શિક્ષકોની નિમણૂક કરીને

(2) શાળાના અન્ય વિદ્યાર્થીઓને ન મળી શકે તે રીતે તેમને એક જૂથમાં રાખીને

(3) વિવિધ પ્રકારના અભ્યાસક્રમલક્ષી પુસ્તકો દ્વારા

(4) સહયોગ, સહકારી શિક્ષણ અને ચર્ચાની તકો પૂરી પાડીને

111. પારંપરિક ભાષાવર્ગ શિક્ષકકેન્દ્રી વર્ગ છે જ્યારે આધુનિક વર્ગ વિદ્યાર્થીકેન્દ્રી વર્ગ છે. આમાંથી પ્રથમ પ્રકારના વર્ગનું એક લક્ષણ નીચેનામાંથી ક્યુ છે?

(1) શિક્ષક વિદ્યાર્થીઓને ભાષાશિક્ષણ પ્રવૃતિના વિશેષ વર્ગો ઉપલબ્ધ કરાવી આપે છે જેમાં વિદ્યાર્થીઓ ભાગ લે અથવા વર્ગોનું સંચાલન કરે

(2) હંમેશા શિક્ષક જ લિખિત-બોલાતી ભાષાના નમૂના ઉપલબ્ધ કરાવે છે અને વિદ્યાર્થીઓ નકલ કરે છે

(3) શિક્ષક વર્ગમાં કેન્દ્રમાં હોય છે અને વિદ્યાર્થીઓને તેમના કામ અંગેની ટિપ્પણ નિયમિત મળતી રહે તેની ખેવના રાખે છે

(4) વિદ્યાર્થીઓ વર્ગની બહાર સ્વતંત્ર રીતે શીખે છે અને સમયાન્તરે લેખિત પરીક્ષા આપે છે



https://www.freshersnow.com/previous-year-question-papers/

**સૂચના**: નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **112–120**) :

હવે સોળ વર્ષનો થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો, પણ કયાંયે ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી સહેજે મળવું જોઇએ તે ન મળ્યું એમ કહેવાય. એમ છતાં વાતાવરણમાંથી કંઇક ને કંઇક તો મળ્યા જ કર્યું. અહી ધર્મનો ઉદાર અર્થ કરવો જોઇએ. ધર્મ એટલે આત્મભાન, આત્મજ્ઞાન. મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં, એટલે હવેલીમાં જવાનું વખતોવખત બને. પણ તેને વિશે શ્રદ્ધા ઉત્પન્ન ન થઇ. હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતિની વાતો સાંભળતો તેથી તેને વિશે મન ઉદાસ થઇ ગયું. ત્યાંથી મને કંઇ જ ન મળ્યું.

પણ જે હવેલીમાંથી ન મળ્યું તે મારી દાઇ પાસેથી મળ્યું. તે કુટુંબની જૂની નોકર હતી. તેનો પ્રેમ મને આજે પણ યાદ છે. હું આગળ જણાવી ગયો છું કે હું ભૂતપ્રેત આદિથી ડરતો. તેનું ઔષધ રામનામ છે એમ રંભાએ સમજાવ્યું. મને તો રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી, તેથી મેં બાળવયે ભૂતપ્રેતાદિનો ભયથી બચવા રામનામનો જાપ શરૂ કર્યો. તે બહુ સમય ન ટકયો. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ આજે મારે સારુ અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઇએ રોપેલું બીજ ગણું છું. આ જ અરસામાં મારા એક કાકાના દીકરા જે રામાયણના ભક્ત હતા તેમણે અમ બે ભાઇઓને સારુ રામરક્ષાનો પાઠ શીખવવાનો પ્રબંધ કર્યો. અમે તો મોઢે કરીને પ્રાતઃકાળમાં સ્નાન પછી હંમેશાં પઢી જવાનો નિયમ કર્યો. પોરબંદરમાં રહ્યા ત્યાં લગી તો આ નભ્યું. રાજકોટના વાતાવરણમાં તે ભૂંસાઇ ગયું. આ ક્રિયા વિશે પણ ખાસ શ્રદ્ધા નહોતી. પેલા વડીલ ભાઇના પ્રત્યે માન હતું. તેથી અને કંઇક રામરક્ષા શુદ્ધ ઉચ્ચારથી પઢી જવાય છે એ અભિમાનથી તેનો પાઠ થતો.

પણ જે વસ્તુએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી તે તો રામાયણનું પારાયણ. આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.

મોહનદાસ ગાંધી

**112.** ગાંધીજી ધર્મની કેળવણી ક્યાંથી ન મેળવી શક્યા?

(1) પિતા પાસેથી

(2) દાદાજી પાસેથી

(3) શાળામાંથી

(4) પરિવારમાંથી

**113.** ગાંધીજી ધર્મનું કેવું અર્થઘટન કરવાનું સૂચવે છે?

(1) ગીતાનુસાર અર્થઘટન

(2) ઉદાર

(3) સંકુચિત

(4) વ્યાપક

**114.** હવેલીની ઘણી મુલાકાતો કેવી નીવડી?

(1) શ્રદ્ધા જન્માવવામાં નિષ્ફળ

(2) મનોનિગ્રહપૂર્ણ

(3) અર્થસભર

(4) શાંતિદાયક



https://www.freshersnow.com/previous-year-question-papers/

**115.** ગાંધીજીને ક્યાંયથી ન મળ્યું તે શું હતું?

(1) કૃષ્ણપ્રીતિ

(2) રામનામનું ઔષધ

(3) માનસિક શાંતિ

(4) આશરો

**116.** રંભાબાઈ કોણ હતી?

(1) પિતાની બહેન

(2) પડોશી

(3) ઘરની માલિક

(4) પરિવારની દાઈ

**117.** ગાંધીજી માટે રામનામ શું હતું?

(1) સંદર્ભ હતો

(2) તાકાત હતી

(3) અનિવાર્યતા

(4) સમયયાપન

**118.** રામાયણના ભક્ત કોણ હતા?

(1) પિતા

(2) દાદાજી

(3) પિત્રાઈ ભાઈ

(4) મોટા ભાઈ

**119.** પોરબંદર વાસ દરમ્યાન શું કર્યું?

(1) હવેલીગમન

(2) રામરક્ષા પાઠ

(3) ભણતર અને ઘરકામ

(4) મંગલાષ્ટક

**120.** ગાંધીજી માટે રામચરિતમાનસનું કેવું મહત્વ હતું?

(1) સાંસ્કૃતિક સંદર્ભ

(2) પારિવારિક વારસો

(3) સંદર્ભગ્રંથ

(4) ભક્તિમાર્ગ ગ્રંથ



https://www.freshersnow.com/previous-year-question-papers/

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા—**II**નો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય →



https://www.freshersnow.com/previous-year-question-papers/

# ગુજરાતી

*સૂચના* : નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **121–126**) :

વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલનો જન્મ તેમના મામાના ઘરે નડીઆદ – ગુજરાતમાં થયો હતો. તેમની વાસ્તવિક જન્મ તારીખ ક્યારેય નોંધાઇ ન હતી પણ તેમણે તેમની મેટ્રીકની પરીક્ષાના પેપર વખતે 31 ઓક્ટોબરને પોતાની જન્મ તારીખ તરીકે લેખાવી હતી. તેઓ હિંદુ ધર્મ પાળતા પિતા ઝવેરભાઈ અને માતા લાડબાના ચોથા પુત્ર હતાં. તેઓ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં રહેતા કે જ્યાં તેમના પિતા ઝવેરભાઈની વાડી હતી. સોમાભાઈ, નરસિંહભાઈ તથા વિઠ્ઠલભાઈ તેમના મોટા ભાઈઓ હતા. તેમને એક નાના ભાઈ – કાશીભાઈ તેમજ એક નાના બેન – ડાહીબા હતાં. નાનપણમાં વલ્લભભાઈ તેમના પિતાને ખેતરમાં મદદ કરાવતા તેમજ બે મહીને એકવાર ઉપવાસ કરતા કે જેમાં તેઓ અન્ન-જળનું ગ્રહણ ન કરતા. 18 વર્ષની ઉંમરે તેમના લગ્ન બાજુના ગામમાં રહેતા, 22 કે 13 વર્ષની ઉંમરના ઝવેરબા સાથે થયા હતા. રિવાજને આધીન, જ્યાં સુધી પતિ કમાઈને ઘર ચલાવવાની જવાબદારી ઉપાડી ન શકે ત્યાં સુધી તેની પરિણીતા તેના પિતાના ઘરે રહેતી.

વલ્લભભાઈને નિશાળનું ભણતર પૂરું કરવા નડીઆદ, પેટલાદ તથા બોરસદ જવું પડચું હતું કે જ્યાં તેઓ બીજા છોકરાઓ સાથે સ્વનિર્ભરતાથી રહ્યાં. તેમણે પોતાનો પ્રખ્યાત સંયમી સ્વભાવ કેળવ્યો – એક લોકવાયકા પ્રમાણે તેમણે પોતાને થયેલાં એક ગુમડાંને જરાય સંકોચાયા વિના ફોડચું હતું કે જે કરતા હજામ પણ થથર્યો હતો. વલ્લભભાઈ મેટ્રીકની પરીક્ષામાં 12 વર્ષની મોટી ઉંમરે ઉત્તીર્ણ થયા અને ત્યારે તેમના વડીલો તેમને મહત્વકાંક્ષી વ્યક્તિ તરીકે નહોતા ઓળખતા તથા એમ માનતા કે તેઓ કોઈ સાધારણ નોકરી કે ધંધો કરશે. પણ વલ્લભભાઈની પોતાની અલગ યોજના હતી – તેમને વકીલાતનું ભણી, કામ કરીને પૈસા બચાવી, ઈંગ્લેન્ડમાં ભણી બેરિસ્ટર બનવુ હતું. વલ્લભભાઈ વર્ષો તેમના કુટુંબથી વિખુટા રહીને તથા બીજા વકીલો પાસેથી ચોપડીઓ માંગી, પોતાની રીતે ભણીને બે વર્ષમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. ઝવેરબાને તેમના પિયરથી લઈ આવીને તેમણે ગોધરામાં પોતાના ગૃહસ્થ જીવનની શરુઆત કરી તથા ત્યાંના બાર (વકીલ મંડળ)માં નામ નોંધાવ્યું. તેમને પૈસા બચાવવા માટે જે ઘણાં વર્ષો લાગ્યા તેમાં તેમણે પોતાના માટે એક તીવ્ર તથા કુશળ વકીલ તરીકેની કારકીર્દી મેળવી. તેમના પત્ની ઝવેરબાએ બે સંતાનો – 1904 માં મણીબેન તથા 1906 માં ડાહ્યાભાઈને જન્મ આપ્યો. ગુજરાતમાં જ્યારે બ્યુબોનિક પ્લેગનો આતંક છવાયો હતો ત્યારે વલ્લભભાઈએ તેમના એક મિત્રની સુશ્રુષા પણ કરી હતી, પણ જ્યારે તેમને પોતાને તે રોગ થયો ત્યારે તેમણે તરતજ પોતાના કુટુંબને સુરક્ષિત સ્થાને મોકલી દઈ પોતે ઘર છોડીને નડીઆદ સ્થિત ખાલી ઘરમાં જઈને રહ્યા (બીજા વૃત્તાન્ત પ્રમાણે તેમણે આ સમય જીર્ણ થઈ ગયેલા મંદિરમાં વ્યતીત કર્યો હતો) કે જ્યાં તેઓ ધીરે ધીરે સાજા થયા.

વલ્લભભાઈએ ગોધરા, બોરસદ તથા આણંદમાં વકીલાત કરતી વખતે પોતાની કરમસદ સ્થિત વાડીની નાણાંકીય જવાબદારી પણ ઉપાડી લીધી હતી. જ્યારે તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવા જેટલા પૈસા ભેગા કરી લીધા ત્યારે તેમણે ત્યાં જવા માટે પરવાનો તેમજ ટીકીટ બુક કરાવી કે જે તેમના વી.જે. પટેલ ના સંક્ષીપ્ત નામે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં આવી. વિઠ્ઠલભાઈની પણ ઈંગ્લેન્ડ જઈ ભણવાની યોજના હતી અને તેથી તેમણે તેમના નાના ભાઈ વલ્લભભાઈ ને ઠપકો આપતા કહ્યું કે મોટો ભાઈ નાના ભાઈની પાછળ જાય તે સારું ના લાગે અને ત્યારે સમાજમાં કુટુંબની આબરુને ધ્યાનમાં રાખી વલ્લભભાઈએ તેમના મોટા ભાઈને તેમની જગ્યાએ જવા દીધા. તેમણે તેમના મોટા ભાઈનો ઈંગ્લેન્ડ ખાતેનો ખર્ચ ઉપાડચો અને તે ઉપરાંત પોતાના ધ્યેય માટે પણ બચત કરવા માંડી.

**121.** બાળપણમાં વલ્લભભાઈ કઈ પ્રવૃત્તિ દ્વિમાસી પ્રકારે હાથ ધરતા હતા?

(1) નિર્જળા ઉપવાસ

(2) પૂજાપાઠ અને હવેલીગમન

(3) ખેતીકામ અને ધર્મધ્યાન

(4) વ્યાયામ અને યોગાસન



https://www.freshersnow.com/previous-year-question-papers/

**122.** અઢાર વરસની ઉંમરે કઈ ઘટના તેમના જીવનમાં બની હતી?

(1) વિદેશ વધુ શિક્ષણ માટે ગયા

(2) આંદોલનમાં જોડાયા

(3) મતાધિકાર પ્રાપ્ત થયો હતો

(4) ઝવેરબા સાથે પ્રભુતામાં પગલા માંડ્યા હતા

**123.** બહારગામ ભણવા ગયા ત્યારે વલ્લભભાઈ ક્યા પ્રકારે રહ્યા?

(1) આત્મનિર્ભર બનીને

(2) કમાણી કરતાં જઈને

(3) જ્ઞાતિજનોના આર્થિક સહયોગથી

(4) યુનિવર્સિટી હોસ્ટેલમાં

**124.** પોતાની ગૃહસ્થીનો પ્રારંભ તેમણે કેવી રીતે કર્યો હતો?

(1) વતનમાં ખેતી કરીને

(2) વકીલ બન્યાં પછી

(3) ઘર ભાડે રાખીને

(4) જીવનસંગીનીને ગોધરા બોલાવીને

**125.** પ્લેગ થયો ત્યારે વલ્લભભાઈ ...... જતા રહ્યા હતા

(1) વતનના ગામમાં

(2) વિદેશ વધુ સારવાર માટે

(3) નડિયાદ

(4) સારવાર લેવા

**126.** વકીલાત કરતી વેળા તેમણે શું સમાંતર કાર્ય કર્યુ હતું?

(1) વતન-કૃષિનું દાયિત્વ નિભાવ્યું હતું.

(2) બારડોલી સત્યાગ્રહ શરુ કર્યો હતો

(3) વધુ અભ્યાસ શરુ રાખ્યો હતો

(4) પરિવારનું પાલનપોષણ કર્યું હતું

**સૂચના:** યોગ્ય વિકલ્પ પસંદ કરીને નીચેના સવાલોના જવાબ આપો (પ્રશ્ન **127–141**) :

**127.** નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો:

વાચનકસોટીમાં તમે કઈ રીતે ગુણાંકન કરશો?

પ્રશ્ન – શું ઉનાળો બેસી ગયો છે?

જવાબ 1 – ના, પણ બેસવાની તૈયારીમાં છે.

જવાબ 2 – હા, શિયાળો વિદાય લઇ રહ્યો છે.

(1) જવાબ–2 માટે ½ માર્ક, જવાબ 1 માટે 1 ગુણ

(2) જવાબ–1 માટે 1 માર્ક, જવાબ 2 માટે 2 ગુણ

(3) જવાબ–2 માટે 1 માર્ક, જવાબ 1 માટે 0 ગુણ

(4) જવાબ–1 માટે ½ માર્ક, જવાબ 2 માટે 1 ગુણ

**128.** કોઈપણ પાઠ પ્રસ્તુત છે કે એની તપાસ માટે જે વાચનવ્યૂહરચના પ્રયોજવામાં આવે છે તે કઈ?

(1) પ્રિડીકટિંગ : પૂર્વાનુમાન

(2) સારસંક્ષેપીકરણ

(3) સ્કેનીંગ : ચકાસણી

(4) સ્કીમિંગ : તારણ



https://www.freshersnow.com/previous-year-question-papers/

**129.** વિદ્યાર્થીઓએ 'ગ્રેટ સેન્ટેન્સ મિસ્ટરી' (મહાન વાક્ય રહસ્ય) નામનું એક લઘુનાટક લખ્યું છે જેમાં ચાર પાત્રો અને 10 પંક્તિઓ છે અને એક પાત્ર ફક્ત એક જ પ્રકારનું વાક્ય બોલી શકે છે. આ પ્રવૃત્તિ દ્વારા કયો ઉદ્દેશ ફળીભૂત થાય છે?

(1) અનુલેખન પ્રવૃત્તિ

(2) પૂર્વલેખન પ્રવૃત્તિ

(3) વ્યાકરણનો વિનિયોગ

(4) શબ્દભંડોળનો ઉપયોગ

**130.** ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને સૂજનાત્મક લેખન માટે પ્રેરવા હોય તો ક્યો ઉપાય કરવો જોઈએ?

(1) ચિત્રસંપુટનો પ્રયોગ અને ચર્ચા

(2) વિદ્યાર્થીઓને તેમની ઇચ્છાનુસાર લેખન કરવાની અનુકુળતા આપીને

(3) આપેલા વિષય પર વિસ્તૃત ચર્ચા

(4) બ્લેકબોર્ડ પર વિષયની રૂપરેખા આપીને

**131.** તમારા વર્ગમાં ઘણીવાર વિદ્યાર્થીઓ અંગ્રેજી બોલતાં શરમાય છે. તેમનો ક્ષોભ દૂર કરવા માટે શું કરશો?

(1) વર્ગમાં બોલવા માટે સામાન્ય અને સહેલા વિષયો આપશો

(2) બધાના પ્રેઝેન્ટેશન પછી સૌથી છેલ્લે બોલવાનું કહેશો

(3) લક્ષ્યભાષાનું વ્યક્તિગત ટ્યુશન આપશો

(4) નાના જૂથો બનાવીને પ્રેઝેન્ટેશન લખવા અને રજૂ કરવા સૂચવશો

**132.** શ્રવણક્ષમતા વધારવા માટે શિક્ષક રેલ્વે ઉદ્‌ઘોષણાની એક પ્રવૃત્તિ તૈયાર કરે છે જેમાં વિદ્યાર્થીઓ એક કોષ્ટક બનાવીને ટ્રેનના આવવા-જવાના સમયની વિગતો ભરે છે. અહીં તેઓ:

(1) ધ્વનિમુદ્રણનાં આધારે કોષ્ટક પૂર્ણ કરે છે

(2) ઉદ્‌ઘોષણા મોટેથી બોલે છે

(3) તૈયાર કોષ્ટકની વિગતનું અર્થઘટન કરે છે

(4) ટૂંકી ફિલ્મ જુએ છે



https://www.freshersnow.com/previous-year-question-papers/

**133.** કિશોરાવસ્થા દરમ્યાન નવી ભાષા શીખવાની પ્રવૃત્તિ..... તરફ દોરી જાય છે.

(1) સામાન્ય ગ્રહણક્ષમતા

(2) ગ્રહણક્ષમતામાં મુશ્કેલી

(3) ભાષાપ્રભુત્વનું હનન

(4) વધુ ભાષાપ્રભુત્વ

**134.** 'ઈ-લર્નિંગ' એટલે...

(1) દૂરસ્થ શિક્ષણ

(2) દસ્તાવેજી ફિલ્મો

(3) ટેક્નોલોજીના ઉપયોગ સાથેની શિક્ષણપદ્ધતિ

(4) હાર્ડવેરના ઉપયોગ સાથેની ટેક્નોલોજી

**135.** લક્ષ્યભાષાના શૈક્ષણિક અને બોલચાલની ભાષા-બંને સ્વરૂપનો ભેદ પારખવા માટે એક દ્વિ-ભાષી વર્ગના વિદ્યાર્થીઓને શેના માટે પ્રોત્સાહન આપવું જોઈએ?

(1) લક્ષ્યભાષાના વધુ ને વધુ પુસ્તકો વાંચવા માટે

(2) અંગ્રેજીમાં વધુ લેખન માટે

(3) વધુ દ્વિ-ભાષી ફિલ્મો જોવા માટે

(4) લક્ષ્યભાષામાં બોલવા માટે

**136.** ભાષાક્ષમતા કેળવવામાં પોતાના સહાધ્યાયીઓથી પાછળ રહી ગયેલા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે શિક્ષકને શિક્ષણપદ્ધતિને ડીઝાઇન કરવાનું કામ ક્યા નામથી ઓળખાય છે?

(1) સમરાઇઝેશન

(2) રીફોર્મ્યુલેશન

(3) રેમેડીએશન

(4) રીવીઝન

**137.** મિશ્ર ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના ભાષાવર્ગમાં કેવા પાઠ્યક્રમની જરૂર પડે છે?

(1) ચોક્કસ સમયગાળા માટે વિદ્યાર્થીઓને વિશેષ સમૂહમાં મૂકી શકાય તેવો

(2) વિવિધ શિક્ષણપદ્ધતિઓ સાથે વધુ આદાનપ્રદાન કરવાની તકો આપતો હોય તેવો

(3) ગણિત અને ભાષાઓ પર જેમાં વધુ ભાર અપાયો હોય

(4) રમતગમત અને ભાષાઓ કેંદ્રમાં હોય તેવો



https://www.freshersnow.com/previous-year-question-papers/

**138.** નીચેનામાંથી ખોગતું વિધાન તારવો: વિદ્યાર્થીઓ માટે નિશ્ચિત કરાયેલા ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકો એ આ પૂરું પાડવાનું છે:

(1) શિક્ષણપ્રક્રિયાનો સૂચવેલો ક્રમ

(2) માહિતીનું સંતુલિત પ્રસ્તુતિકરણ

(3) શિક્ષણ અનુભવોના સુનિયોજિત એકમો

(4) શિક્ષકો માટેના વિસ્તૃત પાઠઆયોજનો

**139.** ભાષા શીખતી વખતે કેટલીક ભૂલો સ્વાભાવિક રીતે જ થવાની. તેથી જ શિક્ષક.........

(1) વિદ્યાર્થીઓની ભૂલો સુધારે તે જરૂરી છે જેથી તેઓ પણ બીજાની ભૂલોમાંથી શીખી શકે

(2) વિદ્યાર્થી પોતાનું પઠન પૂરું કરે ત્યાં સુધી થોભે છે અને આવી સાહજિક ભૂલો માટે સુધારા સૂચવે છે

(3) ભૂલો કરવા દે છે કેમ કે તે સાહજિક છે

(4) આવા વિદ્યાર્થીઓને જુદા તારવે છે અને વિશેષ વર્ગ લે છે

**140.** વિદેશી/બિનમાતૃભાષાના શિક્ષકે ઘણીવાર સુષુપ્ત અને પ્રેરણાહીન વિદ્યાર્થીઓ સાથે કામ કરવાનું થાય છે. આ સ્થિતિમાં તે કઈ રીતે વિદ્યાર્થીઓની મદદ કરી શકે?

(1) વર્ગખંડમં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરે એવા શિક્ષણશાસ્ત્રીની મદદ લઈને

(2) ઉત્સુકતાહીન વિદ્યાર્થીઓને અલગ તારવીને તેમના માટે વિશેષ વર્ગોના આયોજન દ્વારા

(3) સોંપાયેલું કામ પૂરું કરવા માટે જોઈએ તેટલો સમય લેવાની અનુકુળતા વિદ્યાર્થીઓને આપીને

(4) વર્ગશિક્ષણ વધુ પડકારરૂપ અને પ્રેરક બનાવવા માટેની પદ્ધતિઓ અને વ્યૂહરચનાઓનો પ્રયોગ કરીને

**141.** ભાષાના વિદ્યાર્થીઓ બોલતાવાંચતા જ ભાષા શીખે છે. આ નિરીક્ષણને કઈ પ્રવૃત્તિ દ્વારા સમર્થન મળે છે?

(1) નિર્ધારિત પાઠ્યપુસ્તકની સઘન સમજણ માટે માતૃભાષાનો પ્રયોગ કરવાની પ્રેરણા પૂરી પાડવી

(2) સઘન પાઠથી અમૂર્ત પાઠ તરફ જવાની પ્રક્રિયા

(3) શિક્ષક લખવાની-બોલવાની શૈલી નિર્માણ કરે છે અને વિદ્યાર્થીઓ તેને અપનાવે છે

(4) પ્રેક્ટીસની તકો પૂરી પાડવાનું અનિવાર્ય છે કેમ કે તે ટેવ પાડવામાં મદદ કરે છે

**સૂચના:** નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **142–150**):

ભગવાન મહાવીરને જ્યારે પરમજ્ઞાન થયું ત્યારે તેઓ આંતરિક ચેતનામાં-મૌનમાં ઊતરી ગયા હતા. જ્ઞાન થાય પછી બોલવાનું રહેતું નથી. પછી શબ્દોનો કોઈ અર્થ રહેતો નથી. આવા સમયે મહાત્માઓ બોલતા નથી. બોલે તો પણ આપણી સમજમાં આવતું નથી. એટલા માટે તેઓ ચૂપ રહેવાનું પસંદ કરે છે. જિજ્ઞાસુ હોય તેઓ સ્વયં આવા સંતોના જીવનમાંથી અર્થપૂર્ણ હોય તેવું શોધી લે છે અને જેમને જાણવામાં તેમ જ સમજવામાં રસ નથી અને જેમની આંખો જોઈ શકે તેમ નથી અને જેમના કાન સાંભળી શકે તેમ નથી તેમને કાંઈ પણ કહો તેનો કોઈ અર્થ નથી. કહીએ તો પણ તેઓ પોતાની રીતે રંગો પૂરી લેશે.

મન સ્થિર ન હોય ત્યાં સુધી સાચું બોલી શકાતું નથી અને સાચું સાંભળી શકાતું નથી. ચિત્તમાં જે હોય છે તે બહાર નીકળે છે. બોલવામાં થતો બફાટ હકીકતમાં એ ભૂલ જીભની નથી. જીભને ગમે તેટલી કાબૂમાં રાખો, ગમે તેવો દૃઢ સંકલ્પ કરો પણ અંદર જે સળવળતું હોય છે તે પ્રગટ થયા વગર રહેતું નથી. અંદરનો ભભડાટ જીભ દ્વારા બહાર નીકળે છે.

મહાપુરુષોના બોલવામાં અને આપણા બોલવામાં ફરક રહેલો છે. તેઓ જરૂર પૂરતું બોલે છે અને આપણે જે કાંઈ મનમાં આવે તે બોલ્યા કરીએ છીએ. માણસ બોલવા માટેના વિષયો શોધી કાઢે છે અને કોઈ પણ વિષય ન મળે તો હવામાનની વાતો પણ કરી શકે છે. બોલવા કરતાં સાંભળવાનું વધુ મહત્ત્વ છે. સૌ કોઈ બોલે છે, સાંભળવાવાળા બહુ ઓછા છે.

માણસ પોતાના સુખની, દુ:ખની, કિસ્મતની, બહાદુરીની, બુદ્ધિની, આવડતની વાત વારંવાર દોહરાવ્યા કરે છે. આમાં બીજા પર પ્રભાવ પાડવાનો અને પોતે કાંઈક વિશેષ છે એવું પ્રતિપાદન કરવાનો આશય હોય છે. માણસ પોતાના વિશે જ્યારે વાત કરે છે ત્યારે જાણ્યે-અજાણ્યે અહંકાર ડોકિયાં કરતો હોય છે.

આપણે જ્યારે આપણી વાત કહેતા હોઈએ ત્યારે મોટે ભાગે બીજાના માટે તેનો કોઈ અર્થ હોતો નથી. આમ છતાં લોકો કાન માંડીને સાંભળતા હોય એવું આપણને લાગે છે. હકીકતમાં જે લોકો કાંઈ બોલી શકતા નથી તેઓ સાંભળે છે, પણ તેમને આમાં કાંઈ રસ હોતો નથી. બાકીના લોકો બોલવાનો મોકો શોધી રહ્યા હોય છે. તેમને સાંભળવા કરતાં તમારી વાતનો જવાબ આપવામાં વધુ રસ હોય છે. તેઓ સાંભળવામાં નહીં પણ તેમને જે કાંઈ કહેવું છે તેમાં મગ્ન હોય છે.

આવા વાર્તાલાપમાં સૌ કોઈ બોલવા ઉત્સુક હોય છે. કેટલાક માણસોને બોલતાં તો આવડતું નથી પણ ચૂપ રહેતાં પણ આવડતું નથી. આ ઘણું મુશ્કેલ છે. અસ્વસ્થ ચિત્ત સાથે ચૂપ રહેવાનું અને સ્વસ્થ ચિત્ત હોય ત્યારે બોલવાનું કઠિન છે. મન શાંત થઈ જાય ત્યારે બોલવાનું રહેતું નથી. મન વિક્ષુબ્ધ હોય ત્યારે વાણી દ્વારા એ બહાર નીકળવાનો પ્રયાસ કરે છે.

**142.** મહાવીરને શું થયું હતું?

(1) સેવાભાવનાની પ્રાપ્તિ

(2) જાગૃતિ

(3) મહાભિનિષ્ક્રમણ

(4) પરમજ્ઞાનની સંપ્રાપ્તિ

**143.** જિજ્ઞાસુઓ શું કરતા હોય છે?

(1) ધ્યાન કરે છે

(2) અર્થપૂર્ણ હોય તે ગ્રહણ કરે છે

(3) શાંત રહે છે

(4) ખપ પૂરતું જ બોલે

144. અંદરનો ઉકળાટ કઈ રીતે માર્ગ કરે છે?

(1) વાણી દ્વારા

(2) વિચારો દ્વારા

(3) અપાનવાયુ દ્વારા

(4) મૌનના માધ્યમથી

145. મહાપુરુષો શું કરે છે?

(1) પર્યટન કરે છે

(2) ખપ પૂરતું જ બોલે છે

(3) શાંત અને સૌમ્ય હોય છે

(4) જ્ઞાનવૃદ્ધિ કરે છે

146. સામાન્ય માનવ પોતાના વિષે વાત કરે ત્યારે

(1) અભિમાન દેખાઈ જતું હોય છે

(2) અર્થપૂર્ણ અને સારી વાત કરે

(3) નમ્રતાથી વાત કરે છે

(4) વિનય જાળવે છે

147. આપણે બોલતા હોઈએ ત્યારે અન્ય શ્રોતાઓ શું કરે છે?

(1) ધ્યાનથી ગ્રહણ કરે છે

(2) અર્થપૂર્ણ હોય તે જ સાંભળે છે

(3) રસહિન બનીને શ્રવણ કરે છે

(4) શાંત અને સ્થિર હોય છે

148. બાકીના શ્રોતાઓને શેમાં રસ હોય છે?

(1) બોધપાઠ લેવામાં

(2) જ્ઞાનપ્રાપ્તિમાં

(3) ગ્રહણ કરીને તેનો અમલ કરવામાં

(4) આપણને જવાબ આપવામાં

149. કેટલાક લોકોને શું નથી આવડતું હોતું?

(1) પ્રતિભાવ અને પ્રતિક્રિયા આપતા

(2) જ્ઞાન અને માહિતી ગ્રહણ કરતાં

(3) પ્રત્યુત્તર આપતા

(4) મૌન રહેતા

150. આપણું ચિત્ત ક્ષુબ્ધ હોય ત્યારે શું થતું હોય છે?

(1) વાણીમાર્ગે વિક્ષુબ્ધપણું પ્રગટ થાય છે

(2) પરમાવસ્થા પ્રાપ્ત થતી હોય છે

(3) વિચારપ્રક્રિયામાં ખલેલ થતી હોય છે

(4) ગ્રહણશક્તિ કુંઠિત થઇ જતી હોય છે

SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. દરેક પ્રશ્ન માટે આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ. એમ. આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લૂ/કાળાં બૉલ પોઇંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.

2. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તર-પત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિત જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.

3. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરવો, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.

4. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.

5. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઇલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.

6. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.

7. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવું નહિ.

8. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીએ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર હાજરીપત્રમાં સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેણે ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.

9. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.

10. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.

11. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.

12. પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. *પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.*

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :**

1. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with Blue/Black Ballpoint Pen on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
2. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
3. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
4. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
5. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the Examination Hall/Room.
6. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
7. No candidate, without special permission of the Superintendent or Invigilator, should leave his/her seat.
8. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet, a second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.
9. Use of Electronic/Manual Calculator is prohibited.
10. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
11. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
12. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room/Hall.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर-पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह नीले/काले बॉलपॉइंट पेन से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
2. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर-पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
3. परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर), दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
4. परीक्षा पुस्तिका/उत्तर-पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाजिरी-पत्र में लिखें।
5. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-कार्ड के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
6. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-कार्ड दिखाएँ।
7. अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
8. कार्यरत निरीक्षक को अपना उत्तर-पत्र दिए बिना एवं हाजिरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाजिरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर-पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा।
9. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
10. परीक्षा हॉल में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा।
11. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर-पत्र का कोई भाग अलग न करें।
12. परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष/हॉल छोड़ने से पूर्व उत्तर-पत्र निरीक्षक को अवश्य सौंप दें। *परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।*